# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-02-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## AI-ઈમ્પેક્ટ સમિટ-PM:

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026 ચાલી રહી છે. આજે સમિટના 5મા દિવસે, નેતાઓની ઘોષણા અપનાવવામાં આવશે, જેમાં સામૂહિક પ્રતિબદ્ધતાઓને સમર્થન આપવામાં આવશે અને વૈશ્વિક એઆઈ શાસન અને સહયોગ માટે એક શેર કરેલ રોડ મેપની રૂપરેખા આપવામાં આવશે. ઉચ્ચ-સ્તરીય GPAI કાઉન્સિલની બેઠકો યોજાશે. સભ્ય દેશો જવાબદાર અને સમાવિષ્ટ એઆઈ પર બહુપક્ષીય સહયોગને મજબૂત કરવા માટે પ્રાથમિકતાઓ સાથે સંરેખિત પ્રગતિની સમીક્ષા કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમમાં ભારત AI ઇમ્પેક્ટ સમિટ 2026નું ઉદ્ઘાટન કર્યું હતું. જેમાં અનેક વિશ્વ નેતાઓ હાજર રહ્યા હતા, શ્રી મોદીએ કહ્યું કે વિશ્વ એક એવા યુગમાં આગળ વધી રહ્યું છે, જ્યાં માનવ અને બુદ્ધિશાળી પ્રણાલીઓ સાથે મળીને કામ કરે છે, સહયોગ કરે છે અને પ્રગતિ કરે છે. તેમણે કહ્યું કે AI કામને વધુ સ્માર્ટ, વધુ કાર્યક્ષમ અને વધુ અસરકારક બનાવશે.

-------------------------------------------------------------------------------------

## NHRC-નોટિસ :

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ -NHRC એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોને નોટિસ પાઠવી છે. નોટિસમાં તેમને બિન-સરકારી સંસ્થાઓ- NGOને ઓળખવા માટે કહેવામાં આવ્યું છે. જે માનવ અધિકાર પંચના નામનો દુરુપયોગ કરીને જનતાને ગેરમાર્ગે દોરે છે.

NHRC એ જણાવ્યું છે કે કેટલીક NGO ભ્રામક ઓળખ કાર્ડ અને કમિશનના હોદ્દાનો ઉપયોગ કરી રહી છે. કમિશને જણાવ્યું હતું કે આવા ભ્રામક નામોનો ઉપયોગ ભંડોળના દુરુપયોગની શક્યતા વધારી શકે છે.

---------------------------------------------------------------------------------

## તુવેરની ટેકાના ભાવે ખરીદી:

રાજ્યમાં 23 ફેબ્રુઆરીથી તુવેરની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ માહિતી આપતા જણાવ્યું,

વાવેતર શરૂ થયા પહેલા જ ભારત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ માટે તુવેરનો ટેકાનો ભાવ રૂ. ૮,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૬૦૦ પ્રતિ મણ) જાહેર કરતા રાજ્યના ખેડૂતો દ્વારા તુવેરનું પુષ્કળ વાવેતર કરવામાં આવ્યું છે. તુવેરના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્યના કુલ ૧.૩૩ લાખથી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે તુવેરના વેચાણ માટે નોંધણી કરાવી છે.

---------------------------------------------------------------------------------

## ખેતી-વીજળી-વીજકર નાબુદ:

રાજ્યમાં વર્ષ 2004થી ખેતી વિષયક વીજળી પર વીજ કર સંપૂર્ણ નાબૂદ કરાયો છે.

ગુજરાત વિધાનસભામાં વીજ કરના મુદ્દે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા નાણા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું, વર્ષ 2012થી ગ્રામીણ રહેણાંક વિસ્તારોમાં 7.5 ટકા અને શહેરી વિસ્તારોમાં 15 ટકા વીજ કર અમલી બનાવાયા છે. તેમણે વધુમાં કહ્યું કે, ગ્રામીણ વિસ્તારના રહેણાંક કક્ષાના વીજ ગ્રાહકો પાસેથી વાર્ષિક 250 યુનિટના વપરાશ સુધી કોઈ વીજ કર લેવામાં આવતો નથી. તેમણે ઉમેર્યું હતું કે, વિશેષ આર્થિક ક્ષેત્ર- SEZમાં સ્થપાનાર નવા ઔદ્યોગિક એકમોને પ્રથમ 10 વર્ષ માટે વીજ કરમાં સંપૂર્ણ રાહત આપવામાં આવે છે.

---------------------------------------------------------------------------------

## રાજ્ય પોલીસ વડા રાવ-કચ્છ મુલાકાત:

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવ આવતીકાલ ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી દરમિયાન કચ્છ જિલ્લાના સરહદી ગામોની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ અને કચ્છના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને અભેદ્ય બનાવવાનો છે.

બે દિવસીય મુલાકાત દરમિયાન તેઓ ભુજ ખાતે ઉચ્ચસ્તરીય 'ક્રાઈમ કોન્ફરન્સ'ની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં પોલીસ વિભાગ સહિત ભારતીય સેના, BSF, કોસ્ટ ગાર્ડ અને વાયુસેનાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. જેમાં ઘૂસણખોરી, ડ્રગ્સની હેરાફેરી અને દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓ રોકવા તમામ એજન્સીઓ વચ્ચેના સંકલન પર ભાર મૂકાશે.

---

## કવિ દુલા કાગ-પુસ્તક પુન: વિમોચન :

પ્રખ્યાત લોકસાહિત્યકાર પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગના જીવનદર્શન પર આધારિત પુસ્તક 'વાણી તો અમરત વદાં'નું 23 વર્ષ બાદ પુન:વિમોચન થશે; રાજ્યના માહિતી ખાતાએ તૈયાર કરેલી નવી આવૃત્તિનું 21મી ફેબ્રુઆરીના રોજ કવિ કાગની 49મી પુણ્યતિથિ નિમિત્તે અમરેલી જિલ્લામાં આવેલા કાગધામ મજાદરમાં વિમોચન કરવામાં આવશે.

ગ્રંથમાં મુકાયેલ QR કોડ મોબાઇલની મદદથી સ્કેન કરવાથી કાગબાપુના કંઠે રજૂ થયેલ લોકરામાયણ, મહાભારત અને અન્ય કૃતિઓ આકાશવાણીના પ્રસંગો સાંભળી શકાશે; કવિ શ્રી કાગ વિષયક સ્વાધ્યાય લેખોને સમાવતો આ દળદાર ગ્રંથ વાચકો, સાહિત્યકારો અને લોક કલાકારોને કવિ કાગ અને તેમણે સર્જેલા સાહિત્યનો વિશેષ પરિચય આપશે અને અત્યંત ઉપયોગી બની રહેશે.

---

# ICC મેન્સ T20 વિશ્વ કપ:

ICC મેન્સ T20 ક્રિકેટ વર્લ્ડ કપમાં, ઝિમ્બાબ્વેએ આજે સાંજે કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ગ્રુપ B મેચમાં શ્રીલંકા પર છ વિકેટે વિજય મેળવ્યો. આ પહેલા, વેસ્ટ ઈન્ડિઝે આજે બપોરે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ગ્રુપ C ના તેમના અંતિમ મુકાબલામાં ઇટાલીને 42 રનથી હરાવ્યું.

---